જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૨/૧૦/૨૦૨૨ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૮૩૧/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૧૦/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૮ | ૦ | ૧૪૮ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૧ | ૦ | ૧૦૦૭૦૧ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 3 | ૨,૫૬,૩૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૩૨ લીટર દેશી દારૂ, ૩૫૧૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૫૮૪ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૭૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યકિતની અટકાયત કરી હતી.

**લુંટઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૪/૨૦૨૨**

**નરોડાઃ** પરષોત્તમભાઇ સેવકરામ રામરખિયાણી (ઉ.વ.૬૫)(રહે.રીવેરા બંગ્લોઝ કોતરપુર સરદારનગર) તા.૧૧/૧૦/૨૦૨૨ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે નરોડા પાટીયા ધનુષધારી મંદીર બી.આર.ટી.એસ. બસ સ્ટેશન નજીકથી એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષોએ પરષોત્તમભાઇને અટકાવી એક્ટીવાની ચાવી કાઢી લઇ, છરી બતાવી પરષોત્તમભાઇએ પહેરેલ હિરા જડીત સોનાની વિંટી કિમત રૂપિયા ૪૫,૦૦૦/- કાઢી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પરષોત્તમભાઇ રામરખિયાણીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી શ્રી એસ.ટી.દેસાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૩૫/૨૦૨૨**

**સોલા હાઇકોર્ટઃ** હેતલબહેન વા/ઓ યોગેશભાઈ વડેછા (ઉ.વ.૩૪)(રહે.શિવશક્તિ એપાર્ટમેન્ટ, ભાવિક સ્કુલ સામે ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૦/૨૦૨૨ બપોરના ૩/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.પરમાર ચલાવે છે.

**ચાંદખેડાઃ** સાહિલભાઇ કનુભાઇ વાલેરા (ઉ.વ.૧૯)(રહે.કર્ણાવતીનગર ડુપ્લેક્ષ સેન્ટારા હોસ્પીટલની બાજુમાં શિવશક્તિનગર ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૦/૨૦૨૨ સવારના ૧૦/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદિશભાઇ છબાભાઇ ચલાવે છે.

**કાગડાપીઠ**: અંબાબહેન ડો/ઓ મોહનભાઈ મકવાણા (ઉ.વ.૪૦)(રહે.લાલબહાદુર શાસ્ત્રીનગર, બેહરામપુરા) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૦/૨૦૨૨ સવારના ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે બાથરૂમમાં પોતાની જાતે સળગી ગયા હતા. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૧૦/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશભાઈ કાનજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી